# " દોઆ " એક પસંદીદા અમલ

અલ્લાહતઆલા કુરઆને કરીમમા ફરમાવે છે કે, **"ફઝકોરૂની અઝકુરકુમ"**, અય બંદાઓ ! તમે મારી ઝિક્ર કરો (દોઆ કરો) તો હું તમારી ઝિક્ર કરીશ (તમારી મુશ્કિલને આસાન કરીશ). બીજી આયતે શરીફામાં ઈરશાદે રબ્બાની છે કે, **"ઉદઊની અસ્તજિબ લકુમ"**, તમે મારે નઝદીક દોઆ કરો હું તેનો જવાબ આપીશ.

આ બે આયતોથી સાબિત થયું કે, બંદાની તઝર્રોઅ અને કાલાવાલા સાથે કરાયેલી દોઆ પરવરદિગારને નઝદીક ખૂબ પસંદીદા છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ પોતાની હદીસમાં ફરમાવું કે, **"અદદોઆ સેલાહુલ મુમિન"**, દોઆ મુમિનનું હથિયાર છે. જે મુજબ દુશ્મનનો મુકાબલો કરવા હથિયારનું હોવું ઝરૂરી છે તે જ મુજબ દુનિયાના તમામ રંજ, તકલીફો, આફતો, બલાઓ અને મુસીબતોને દૂર કરવા મુઅસ્સિર દોઆની ખૂબ ઝરૂરત છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એક બીજી હદીસમાં ફરમાવે છે કે, **"અદદોઆ તોરદ્દુલ કઝા"**, દોઆ તકદીરના ફેંસલાઓને બદલી નાખવા પણ કાફી છે. એકવાર એક મુફલિસ ફકીર પણ પરહેઝગાર શખ્સ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને નઝદીક આવો. તેને શાદી કરવાની તમન્ના હતી, પણ ગરીબીના સબબ કોઈ શખ્સ પોતાની દિકરીનો હાથ તેને સોંપવા તૈયાર નહોતો થાતો. રસૂલુલ્લાહ બાવાજીએ આ મુફલિસ શખ્સની અરઝને મદદેનઝર રાખીને એક ઊંચા ઘરાનાની દિકરી સાથે તેની શાદી કરાવી આપી. શાદીની રાતે હઝરત જિબ્રઈલ (અ.સ.) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર પૈગામ લાવા કે, અય રસૂલે અકરમ, જે શખ્સના નિકાહ આપે આજે પઢેલા છે તે શખ્સની રૂહ કબ્ઝ કરવા ઈઝરાઈલ ફરિશ્તા નીકલી ચૂકેલા છે અને તે શખ્સ હવે ચંદ ઘડીઓનો મહેમાન છે. આ સાંભલીને રસૂલુલ્લાહ બાવાજી ખૂબ ગમગીન થયા. બીજે દિન સવારે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તે શખ્સની ખબર કાઢવા તેના ઘરે ગયા. આવાઝ આપી તો તે શખ્સ જ બહાર આવો. **તેને ઝિંદા જોઇને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને ખૂબ તઅજ્જુબ થયું.**

રસૂલુલ્લાહ બાવાજીએ તેને પૂછું કે, ભાઈ ! તું એ ગઈ રાતે કયું નેક કામ કીધું હતું ? જવાબ મીલો કે, ગઈ કાલે મારા ઘરે એક ફકીર આવો હતો, જે બે દિવસથી ભૂખો-પ્યાસો હતો. મેં મારું અને મારા બૈરોનું એમ બેવે નું જમણ તેને આપી દીધું. જમણ જમીને તેએ મારે વાસ્તે દોઆ કીધી કે, અલ્લાહતઆલા તુંને હર પરેશાનીથી મેહફૂઝ રાખે અને દુનિયા અને આખેરતમાં તુંને મને જમાડવાનો નેક બદલો ઈનાયત કરે. આ સાંભલીને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બોલા કે, ખરેખર ફકીરની દિલની દોઆ અલ્લાહે કુબૂલ કીધી અને ગઈકાલે તારી મૌત મુકર્રર હતી તેને ટાલી દીધી. આ વાકેઆથી સાબિત થાય છે કે, ખાલિસ દોઆમાં ખૂબ અસર હોય છે.

**દોઆ કરવી યાઅની અલ્લાહતઆલા સાથે વાતચીત કરવી;** હવે જે બંદો અલ્લાહ સાથે વાત કરીને પોતાના કામોની ઈબ્તેદા કરે પછી તે કામોમાં કામિયાબી મીલે જ. એમાં કોઈ શક-શુબેહ હોય જ નહીં ! ફજરના વક્તમાં ફરઝ પઢા પછી સૂરજ ઉગવા તક જે શખ્સ પોતાના મસલ્લા પર બેસીને દોઆ કરે છે તો અલ્લાહતઆલા તેને હજ્જે બૈતુલ્લાહનો સવાબ ઈનાયત કરે છે અને તે દિનમાં જે મુસીબતો તે શખ્સ પર નાઝિલ થાવાની હોય છે તેને રદ કરે છે.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના કૌલ મુજબ ફરઝોની નમાઝ બાદ દોઆ કરવી એ નાફેલતોની નમાઝો કરતાં બહેતર છે અને દોઆ કરનાર મુમિનનો દરજો અલ્લાહતઆલાને નઝદીક બલંદ થાય છે. પણ દોઆ કરવા વાસ્તે વસીલાઓની ખૂબ એહમીયત છે. જે મુજબ ઉમદા વકીલ કીધા બગૈર ફેંસલો અપના હક્કમાં આવે તે મુમ્કિન નથી, તે જ મુજબ નબીઓ, વસીઓ, અઈમ્મતે તાહેરીન અને દોઆતે અકરમીન અને મૌલાઈઓના વસીલા બગૈર દોઆની કોઈ મકબૂલીયત નથી. અલ્લાહતઆલાને નઝદીક રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), મૌ. અલી (અ.સ.), મૌ. ફાતેમા (અ.સ.), મૌ. હસન (અ.સ.) અને મૌ. હુસૈન (અ.સ.) ના વસીલાથી દોઆએ ખૈર છે કે, અલ્લાહ તમામ આસ્માની-સુલ્તાની બલીયાતથી જમાઅતે અલવીયાહને મેહફૂઝ રાખે. હર મુમિનને પરવરદિગાર આબાદો શાદ રાખે. તમામની રોઝીમાં અલ્લાહતઆલા કુશાદગી ઈનાયત કરે અને હિંદના પહેલા શહીદે આઅઝમ સૈ. અલી (ક.રૂ.) અને સૈ. ઝકીયુદ્દીન સાહબ (ક.રૂ.) સાહબના મઝારાત શાનો શૌકત સાથે દોબારા તાઅમીર થાય અને મુમેનીન તેનો મુશાહેદો કરી શકે એવા અસ્બાબ મોહય્યા કરે.

આખિરમાં સૈયદુસ્સાજેદીન વર્રાકેઈન ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) એ પોતાની તમામ ઉમ્ર દોઆ કરવામાં જ ગુઝારી હતી. હવે ઈમામ જે માઅસૂમ હોય છે તેને વાસ્તે આખેરતમાં જન્નત હોય જ છે, તેમ છતાં એ પોતાની ઉમ્ર દોઆમાં જ સર્ફ કરતા હોય છે. તો હમારે જેવા ગુનેહગાર બંદાઓએ કેટલી દોઆઓ કરવી જોઈએ તે વિચારવા જેવી બાબત છે. અલ્લાહતઆલા તમામને નમાઝ પઢતા રહેવાની અને દોઆ માંગતા રહેવાની નેક તૌફીકાત ઈનાયત કરે જેથી દુનિયામાં હમને રાહત નસીબ થાય, અને આખેરતમાં હમેં જન્નતના હક્કદાર થઈ શકીએ; અને દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની ઉમ્ર દરાઝી વાસ્તે હમારી દોઆ મકબૂલ ફરમાવે.

***"ખુદાકી યાદ મેં રહતે હૈ જો રંજીદા રંજીદા***
***રૌઝે મહેશર નઝર આએંગે વો ખંદીદા ખંદીદા."***

*(મીલાદ મુબારકના મૌકા પર નિબંધ હરીફાઇ થઇ હતી તેના મઝમૂનમાંથી ઇકતેબાસાત (ટૂંક સાર)).* ★